**સ્વભાવે બુદ્ધિથી, શુભ-અશુભ જે કાંઈક કરું, ક્ષમા દૃષ્ટે જોજો, - તુજ ચરણમાં નાથજી ! ધરું**

## રાજ્યમાં વધુ ૪૯૫ નવા કેસ : અમદાવાદમાં ૩૨૭ : ગાંધીનગરમાં ૦૫


સાવચેત રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

માસ્ક પહેરીએ
દો ગજની દૂરીનો અમલ કરીએ..
સેનેટાઈઝરનો ઉપયોગ કરીએ..

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૯૪ | ૧૩ જુન, ૨૦૨૦, શનિવાર; જેઠ વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# દેશમાં કોરોનાના કેસ ત્રણ લાખને પાર

**છેલ્લા ૨૪ કલાકમાં ૧૦,૦૦૦થી વધુ પોઝિટિવ કેસ નોંધાયા : દેશમાં કોરોનાના કુલ ૩૦૬૦૪૨ કેસ : ૧૪૧૮૪૨ એક્ટિવ કેસ : ૧૪૭૧૯૫ જેટલા લોકો ડિસ્ચાર્જ : એક દિવસમાં સૌથી વધુ ૩૯૬ના મોત : તો ઓગસ્ટ સુધીમાં ભારત વિશ્વનો બીજા નંબરનો સૌથી વધુ સંક્રમણ ધરાવતો દેશ બની જશે**

ન્યુ દિલ્હી,તા.૧૨

દેશમાં હાલમાં મોટા ભાગે લોકડાઉન ખોલીને અમલમાં મૂકાયેલા અનલોક-૧ના સમયગાળામાં રોજેરોજ કેસોની સંખ્યા ૯ હજાર અને હવે ૧૦ હજારની આસપાસ આવી રહી છે. કોરોના વાયરસના આ આંકડા હવે લોકોને ખરા અર્થમાં ડરાવી રહ્યા છે. તો સત્તાવાળાઓ માટે એક ચિંતાનું કારણ બની રહ્યું છે. શુક્રવારે આરોગ્ય મંત્રાલયે જાહેર કરેલા



આંકડાઓથી વધુ એક વખત લોકોને ફાળ પડી છે. આજે શુક્રવારે સવારે પૂરા થયેલા ૨૪ કલાક દરમ્યાન દેશમાં સૌપ્રથમ વખત ૩૯૬ લોકોના કોરોના વાયરસથી મોત થયાનું બહાર આવ્યું છે. આ સાથે જ ૨૪ કલાકમાં વધુ ૧૦,૯૫૬ લોકો રોગના સંક્રમિત થયા છે જે એક રીતે જોતાં કેસમાં રેકોર્ડ ઉછાળો દર્શાવે છે. દેશમાં કોરોના વાયરસના કુલ કેસો ૩૦૬૦૪૨ થઈ ગયા છે.

વિશ્વના કોરોના સંક્રમિત દેશોના આંકડા મુજબ ભારત સંક્રમિત દેશોની યાદીમાં બ્રિટનથી આગળ નિકળીને ચોથા ક્રમે પહોંચી ગયું છે.

કોરોનાના વધતા કેસો વચ્ચે સૌથી રાહત સમાન એ બાબત પણ છે કે પોઝિટિવ દર્દીઓ સામે સાજા થયેલા દર્દીઓની સંખ્યામાં પણ વધારો થઈ રહ્યો છે. દેશમાં અત્યાર સુધીમાં ૧,૪૭,૧૯૫


● અનુસંધાન પાન-૭ પર


## દેશના મુખ્ય ૫ રાજ્યોમાં ટેસ્ટ પોઝીટીવ રેટમાં વધારો નોંધાયો

**૨૦૦થી વધુ કોરોનાના કેસ ધરાવતા રાજ્યમાં ટેસ્ટિંગના પ્રમાણમાં ઘટાડો : દેશમાં સક્રિય કેસોનો બે તૃતિયાંશ આંક મહારાષ્ટ્ર, ગુજરાત, તામિલનાડુ, દિલ્હી, બંગાળમાં**

નવી દિલ્હી, તા.૧૨

ભારતમાં હવે અમેરિકા, બ્રાઝીલ અને રશિયા પછી કોરોના વાયરસના સૌથી વધુ સક્રિય કેસો છે. વૈશ્વિકક્ષાએ કોરોનાના સંક્રમણમાં ભારત હવે ચોથા નંબરે પહોંચી ગયું છે. ભારતના જે ૫ રાજ્યોમાં કોરોનાનો કહેર જોવા મળી રહ્યો છે, તેમાંથી ૪ રાજ્યમાં તપાસ અર્થાત ટેસ્ટીંગની સંખ્યામાં ઘટાડો જોવા મળી રહ્યો છે. ભારતના ૫ રાજ્ય કોરોના વાયરસથી સૌથી વધુ પ્રભાવિત છે. જેમાં મહારાષ્ટ્ર, દિલ્હી, તામિલનાડુ, ગુજરાત અને પશ્ચિમ બંગાળનો સમાવેશ થાય છે. ભારતમાં કુલ સક્રિય કેસોના બે તૃત્તિયાંશ આંક આ ૫ રાજ્યોમાંથી છે. આ સંખ્યા મૃત્યુ પામનારા અને સાજા થઈ જનારા દર્દીઓ સિવાયની છે. સમગ્ર ભારતમાં તા.૧૨મી જૂન સુધી કુલ એકટ્વિ કેસોની સંખ્યા ૧,૩૩,૬૩૨ છે, તેમાંથી એક તૃત્તિયાંશ



માત્ર મહારાષ્ટ્રના ચેપગ્રસ્તો છે. આ તમામ ૫ રાજ્યોમાં ટેસ્ટ પોઝીટીવ રેટ(ટીપીઆર)માં વધારો નોંધાયો છે. ટીપીઆરનો અર્થ છે કે જેટલા લોકોનો


● અનુસંધાન પાન-૭ પર


## આગામી બે મહિનામાં આઈસીયુ, વેન્ટીલેટરની અછત સર્જાશે

**કેન્દ્ર સરકારની તમિલનાડુ, મહારાષ્ટ્ર, દિલ્હી, ગુજરાત, યૂપીને ચેતવણી**

ન્યુ દિલ્હી,તા.૧૨

કેન્દ્ર સરકારની તરફથી કહેવામાં આવ્યું છે કે જૂનથી ઓગસ્ટની વચ્ચે તમિલનાડુ, મહારાષ્ટ્ર, દિલ્હી, ગુજરાત, ઉત્તરપ્રદેશમાં કોરોનાના ગંભીર રોગીને માટે આઈસીયૂ અને વેન્ટીલેટરની અછત સર્જાઈ શકે છે.

ભારતમાં કોરોનાના વધતા કેસને ધ્યાનમાં રાખીને કેન્દ્ર સરકારે પાંચ રાજ્યોને ચેતવણી આપી છે. કેન્દ્ર સરકારની તરફથી કહેવાયું છે કે જૂનથી ઓગસ્ટની વચ્ચે તમિલનાડુ, મહારાષ્ટ્ર, દિલ્હી, ગુજરાત, ઉત્તરપ્રદેશમાં કોરોનાના ગંભીર રોગીઓને માટે આઈસીયૂ અને વેન્ટીલેટરની અછત સર્જાઈ શકે છે. કોરોનાના ઝડપથી વધતા કેસની વચ્ચે દેશની રાજધાની દિલ્હીમાં આઈસીયૂ બેડની અછત ૩ જૂનથી શરૂ થઈ છે. આંકડાના આધારે વેન્ટીલેટર, આઈસોલેશન બેડ અને ઓક્સીજનની ખામી આવી છે. આ આકંડા કેબિનેટ સેક્રેટરી રાજીવ ગાઉબા અને રાજ્યોના મુખ્ય અને સ્વાસ્થ્ય સચિવની વાતચીતમાં સામે આવ્યા છે.


● અનુસંધાન પાન-૭ પર


## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૭૬૪૮૮૨૦ | ૪૨૫૦૮૫ | ૩૮૬૫૨૧૯ |
| ભારત | ૩૦૬૦૪૨ | ૮૭૧૮ | ૧૫૨૫૨૧ |
| ગુજરાત | ૨૨૫૬૨ | ૧૪૧૬ | ૧૫૫૦૧ |
| ગાંધીનગર | ૪૫૭ | ૨૩ | ૨૫૦ |

## નેપાળે બિહારના સીતામઢીમાં ફાયરિંગ કર્યુ

**જાનકીનગર બોર્ડર પર નેપાળ શસ્ત્ર બળની તરફથી ફાયરિંગ : ખેતરમાં કામ કરી રહેલા એક ભારતીય વ્યક્તિનું મોત**

સીતામઢી,તા.૧૨

ભારત-નેપાળમાં સરહદને લઈ ચાલી રહેલા વિવાદની વચ્ચે બિહારના સીતામઢીથી મોટા સમાચાર સામે આવ્યા છે. મળતી માહિતી પ્રમાણે જાનકીનગર બોર્ડર પર નેપાળ શસ્ત્ર બળની તરફથી ફાયરિંગ કરાઈ છે. જેમાં ખેતરમાં કામ કરી રહેલા એક ભારતીય વ્યક્તિનું મોત થયું, તો બીજા બે લોકો ઘાયલ થયા છે. ઈજાગ્રસ્તોને હોસ્પિટલમાં દાખલ કરાયા છે, જ્યાં તેમની સ્થિતિ ગંભીર કહેવાય છે. ઘટના બાદથી સરહદ પર તણાવની સ્થિતિ બનેલી છે.

મળતી માહિતી પ્રમાણે ફાયરિંગનો આખો મામલો નારાયણપુર અને લાલબન્દી બોર્ડર વિસ્તારનો છે. પિપરા પરસાઈન પંચાયતની જાનકી નગર બોર્ડર પર કેટલાંક લોકો ખેતરમાં કામ કરી રહ્યા હતા. આ દરમ્યાન નેપાળના શસ્ત્ર બળ એ આ લોકો પર અંધાધૂંધ ગોળીઓ ચલાવાનું શરૂ કરી દીધું.


● અનુસંધાન પાન-૭ પર




## છેલ્લે... છેલ્લે...

- પ્રધાનમંત્રી ૧૬-૧૭ જુન રાજ્યોના મુખ્યમંત્રી સાથે વિડીયો કોન્ફરન્સના માધ્યમથી રાજ્યોની સ્થિતિ અંગે સમીક્ષા કરશે.
- આગામી ૨૦થી ૩જી જુલાઈ દરમિયાન અમેરિકા અને ભારત વચ્ચે વધારાની ૧૦ વિમાની સેવા શરૂ કરાશે.
- સતત છઠ્ઠા દિવસે પેટ્રોલ-ડિઝલના ભાવમાં વધારા
- લોનનાં હપ્તા માફ ના કરી શકો તો વ્યાજ તો માફ કરો : સુપ્રીમ કોર્ટ
- કોલકાતાની પ્રી-સ્કૂલમાં રંગભેદના પાઠ શીખવનાર બે શિક્ષિકા સસ્પેન્ડ
- ઉદ્ધવ ઠાકરે કેબિનેટના મંત્રી ધનંજય મુંડેને કોરોના પોઝિટિવ
- ગુજરાતમાં મેડીકલ ડિગ્રી ધરાવતા આઈએએસ, આઈપીએસ ઓફીસરોને કોવિનની જવાબદારી સોંપાશે.
- દેશમાં સૌથી વધુ કોરોના સંક્રમિત રાજ્યો.

| | |
|---|---|
| મહારાષ્ટ્ર | ૧૦૧૧૪૧ |
| તામીલનાડુ | ૪૦૪૯૮ |
| દિલ્હી | ૩૪૬૮૭ |
| ગુજરાત | ૨૨૫૬૨ |
| ઉત્તરપ્રદેશ | ૧૨૦૮૮ |
| રાજસ્થાન | ૧૧૯૩૦ |

## અમે સંપૂર્ણપણે આરક્ષણ માટે પ્રતિબદ્ધ છીએ : ભાજપ

**અનામત એ મૂળભૂત અધિકાર નથી તેવા સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ આરક્ષણ અંગે દેશભરમાં ફરી ચર્ચાઓ શરૂ**

નવી દિલ્હી, તા. ૧૨

આરક્ષણ અંગે દેશમાં ફરી એકવાર ચર્ચા શરૂ થઈ છે. સુપ્રીમ કોર્ટે ગુરુવારે કહ્યું કે અનામત એ મૂળભૂત અધિકાર નથી. તમિળનાડુની મેડિકલ કોલેજોમાં ઓબીસી ઉમેદવારો માટે ક્વોટા માટે દાખલ કરવામાં આવેલી અનેક અરજીઓની સુનાવણી કરતી વખતે કોર્ટે ટિપ્પણી ડીએમકે, સીપીઆઈ, એઆઈએડીએમકે સહિત તામિલનાડુના અનેક પક્ષોએ નીટ હેઠળ મેડિકલ કોલેજોમાં ૫૦% ઓબીસી અનામત માટેની અરજી કરી હતી. કોર્ટની આ ટિપ્પણીથી ફરી એકવાર દેશમાં રાજકીય અને સામાજિક ચર્ચા શરૂ થઈ છે. ભાજપે આ મુદ્દે પોતાનું વલણ સ્પષ્ટ કર્યું હતું અને કહ્યું હતું કે તે અનામત માટે સંપૂર્ણ પ્રતિબદ્ધ છે. ભાજપ અધ્યક્ષ જે.પી. નડ્ડાએ જણાવ્યું હતું કે, ‘મોદી સરકાર અને ભાજપ અનામત માટે સંપૂર્ણ પ્રતિબદ્ધ છે. સામાજિક ન્યાય પ્રત્યેની અમારી પ્રતિબદ્ધતા અટકી છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ આ સંકલ્પનું પુનરાવર્તન કર્યું છે. સામાજિક સમરસતા અને બધાને સમાન તક આપણી અગ્રતા છે. હું સ્પષ્ટ કરું છું હમ્મ, ભાજપ અનામત સિસ્ટમ સાથે છે. રાજકીય પક્ષો માટે આરક્ષણ એક સંવેદનશીલ મુદ્દો છે. ભારતના બંધારણમાં અનુસૂચિત જનજાતિ


● અનુસંધાન પાન-૭ પર


## મુખ્યમંત્રી યોગીના નિવાસસ્થાનને બોંબથી ઉડાવી દેવાની ધમકી મળી

**કાલિદાસ માર્ગની સુરક્ષા વધારી દેવાઈ : સુરક્ષા વધારવા સાથે બોમ્બ સ્કવોડ-ડોગ સ્કવોડની મદદથી તપાસ શરૂ : અગાઉ મારી નાંખવાની ધમકી મળી હતી**

લખનૌ, તા. ૧૨

ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રીના નિવાસસ્થાન પર બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી છે. મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ કાલિદાસ માર્ગ પરના બંગલામાં રહે છે. આ પહેલા પણ તેને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી છે. કોલ સેન્ટર પર ધમકી બાદ લખનઉના કાલિદાસ માર્ગ ઉપર હાઈએલર્ટ છે.

વધતી સુરક્ષાની સાથે સાથે બોમ્બ સ્કવોડ અને ડોગ સ્કવોડની મદદથી તપાસ પણ કરવામાં આવી રહી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ ધમકી ડાયલ -૧૧૨ પર ફોન કરીને આપવામાં આવી છે. કોલ કરનાર કોણ છે અને કોલથી કોલ આવ્યો છે તે જાણવાનો પોલીસ પ્રયાસ કરી રહ્યો છે. ફોન ક ષ્ટટ્ઠઙ્ઘઙ્ઘલની સત્યતા જાણી શકાય ત્યાં સુધી કાલિદાસ માર્ગની સુરક્ષા કડક કરવામાં આવી છે.

## એર ટિકિટ રિફંડ મુદ્દે સુપ્રીમ લાલઘુમ

નવી દિલ્હી, તા. ૧૨

કોરોના મહામારી અને લોકડાઉન દરમિયાન વિમાન યાત્રા માટે બુક કરાયેલી ટિકિટના રિફંડ મુદ્દે સુપ્રીમ કોર્ટે કડક શબ્દોમાં વિમાન મંત્રાલય પાસે ત્રણ અઠવાડિયામાં જવાબ માંગ્યો છે. સુપ્રીમ કોર્ટના જસ્ટિસ અશોક ભૂષણના નેતૃત્વમાં ત્રણ સભ્યોની બેન્ચે બિન સરકારી સંગઠન પ્રવાસી લીગલ સેલની અરજી પર સુનવણી કરતા વિમાન મંત્રાલયને નિર્દેશ આપ્યા હતા. સુનવણી દરમિયાન કોર્ટે કેન્દ્ર સરકાર પાસે કડક શબ્દોમાં જવાબ માંગ્યો છે. લોકડાઉન દરમિયાન જે એર ટિકિટ કેન્સલ કરવામાં આવી હતી, એરલાઈન્સ કંપનીઓએ ગ્રાહકોને પૈસા રિફંડ કરવાને બદલે ક્રેડિટ શેલ કર્યા. જેનો અર્થ થાય છે કે રિફંડના પૈસા વોલેટમાં ગયા અને તમે માત્ર


● અનુસંધાન પાન-૭ પર



